# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-01-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાજ્ય મંત્રી મંડળ બેઠક – વાવ થરાદ જિલ્લો

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. પ્રજાજનોની વર્ષો જુની માંગણી સકારાત્મક પ્રતિસાદ સાથે સંતોષતા હાલના બનાસકાંઠા જિલ્લામાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની જાહેરાત કરી છે.**

**હાલનો બનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે એટલું જ નહી વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે.**

**---------------------------------------------------------------------------------------**

## નવી-9 મહાનગરપાલિકા મંજૂરી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં એક સાથે નવી ૯ મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને મંજૂરી આપી છે.**

**મુખ્યમંત્રીના નેતૃત્વની વર્તમાન સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ**

એમ કુલ ૯ નગર પાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણની સરકારે આ ૯ મહાનગરપાલિકાની રચનાને મંજૂરી આપીને મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત કરી છે.

નવી જાહેરાત મુજબ, ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને ગાંધીધામ મહાનગરપાલિકા બનશે.

---

## રાજ્ય-ગુણોત્સવ-2.0

રાજ્યમાં આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે જેમાં પ્રથમ અને બીજા સોપાનની કામગીરી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪થી થઇ હતી જે ૧૮મી જાન્યુઆરી સુધી યોજાશે. આ કાર્યક્રમમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આવરી લેવાશે. સાથે જ આશ્રમશાળાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુણોત્સવ ૨.૦ માટે પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માર્ગદર્શિકા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ **GCERT** દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં કુલ ચાર ક્ષેત્રમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાશે. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓનું એક્રેડિટેશન કરાયું છે.

---

## ગુજકેટ પરીક્ષા

ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા એટલે કે ગુજકેટ **2025** પરીક્ષાના ઓનલાઇન આવેદન પત્ર ભરવાની તારીખ સાત જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. ગુજરાત માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઇજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવાતી ગુજકેટ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ સાત જાન્યુઆરી સુધી અરજી કરી શકશે. બોર્ડની વેબસાઇટ

**GUJCET.GSEB.ORG પર આવેદનપત્ર ભરવાની સૂચના તથા માહિતી પુસ્તિકા મુકવામાં આવી છે.**

---

## ભૂકંપનો આંચકો

**અંગ્રેજી નવા વર્ષ ૨૦૨૫ના પ્રથમ દિવસે કચ્છની ધરા ધ્રુજી ઉઠી હતી. શિયાળાની કાતિલ ઠંડીના દોર વચ્ચે આજે સવારે પૂર્વ કચ્છમાં ૩.૨ ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.**

**પ્રાપ્ત વિગતો મુજબ આજે વર્ષ ૨૦૨૫ના પ્રથમ દિવસે કચ્છનું જનજીવન નવા ઉત્સાહ અને જોમ સાથે ધમધમતું થયું જ હતું, તેવામાં સવારે ૧૦.૨૪ કલાકે ભુગર્ભીય સળવળાટ થયો હતો. સવારે ૧૦.૨૪ કલાકે ભચાઉ વિસ્તારમાં ૩.૨ ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૨૩ કિલોમીટર દૂર ઉત્તર - પૂર્વ દિશામાં રહ્યું હતું. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજી રિસર્ચ સેન્ટર ખાતે આંચકાની તીવ્રતા રીકટર સ્કેલ પર ૩.૨ અંકિત થઈ હતી.**

---

## નવા વર્ષની ઉજવણી

**નવી આશા, નવા ઉમંગ અને નવા પડકારો સાથે આજથી વર્ષ 2025નો પ્રારંભ થયો છે. જિલ્લામાં નવા વર્ષનું ધામધૂમપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લામાં લોકોએ નવા વર્ષને અનેરા ઉત્સાહ સાથે આવકાર્યું હતું. લોકોએ આતશબાજી અને રોશનીના ઝગમગાટ વચ્ચે ઉલ્લાસભેર નવા વર્ષનું સ્વાગત કર્યું હતું. જિલ્લના તમામ મહત્વના સ્થળોએ લોકોએ મોડી રાત સુધી ઉજવણી કરી એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.**

---

## હવામાન

જિલ્લામાં ઠારનું સામ્રાજ્ય યથાવત રહ્યું હતું. આજની પરોઢે ડંખીલા વાયરાથી ઠંડીની ધાર વધુ તિક્ષ્ણ બની હતી. જોકે, સૂર્ય નારાયણ તપતા દિવસ દરમિયાન હુંફાળુ વાતાવરણ અનુભવાયું હતું.

રાજ્યના સૌથી શીતમથક નલિયાનું લઘુત્તમ તાપમાન ૬.૪ ડિગ્રી, ભુજનું ૧૧.૪ અને કંડલામાં ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું. ઉતરાદા પવનની ઝડપ ૧૩ કિલોમીટર પ્રતિકલાકની આસપાસ રહી હતી. હવામાન વીભાગે સપ્તાહ અંત સુધી ઠારનો પ્રભાવ યથાવત રહેવાની આગાહી કરી છે. ઠંડીના પગલે સાંજથી મોટી સવાર સુધી બજારો અને માર્ગો પર લોકોની ચહલપહલ પાંખી રહી હતી.

---------------------------------------------------------------------------------------